## જન્મદિને વધામણી



ઉદયકુમાર બ્રહ્મભટ્ટ
મો. ૯૯૭૮૪ ૦૫૧૪૫



બી જે શાહ
મો. ૯૮૨૪૪ ૨૨૫૧૫

૩૧-૧૦-૨૦૧૬



અશોક પરીખ
મો. ૯૯૯૮૯ ૪૮૦૪૫

૨-૧૧-૨૦૧૬



પ્રેરક વસાવડા
મો. ૯૮૨૪૫ ૪૩૧૭૦



યતીન્દ્ર કા ભટ્ટ
મો. ૯૪૨૭૦ ૫૧૧૭૯

૩-૧૧-૨૦૧૬



બિપીનચંદ્ર મોહનલાલ જાની
મો. ૯૮૨૪૧ ૪૮૦૫૪

# યુવાનોએ શહેરના જરૂરિયાતમંદોના ચહેરા પર સ્મિતના દિપ ઝગમગાવ્યાં

### ગૂંજ ફાઉન્ડેશન, આપણું ફાઉન્ડેશન, સ્કાય ગૃપ તથા હેપ્પી યુથ ક્લબના યુવાનોએ શહેરની તમામ ઝુંપડપટ્ટીમાં કપડાં વિતરણ કર્યું : આશરે ૨ હજારથી વધુ નવા-જૂના કપડાં વહેંચ્યા : સાથે બુંદી-ચવાણાના પેકેટ્સનું પણ વિતરણ કર્યું : યુવાનોએ દાખવી અનોખી સંવેદના

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર રાજ્યનું પાટનગર હોવાને નાતે રાજકિય ગતિવિધીઓનું કેન્દ્ર રહે તે સ્વાભાવિક છે, પરંતુ આ કારણે આ શહેરને અસંવેદનશીલ હોવાનો ટોણો મારવામાં આવે છે. જો કે આ શહેરને અસંવેદનશીલ માનતા તમામે આજે શહેરના યુવાનો દ્વારા હાથ ધરાયેલ અનોખી સેવાપ્રવૃત્તિ નજરે જોવી જોઈએ. આ પ્રવૃતિ દ્વારા શહેરના ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગના બાળકોના ચહેરા પરથી દિવાળી જેવા અત્યંત મહત્વના તહેવારે ઉભરાતા નિઃસાસા લુછીને ખુશીના દિપ પ્રગટાવવામાં આવ્યા છે. શહેરના સેવાભાવી યુવાનોએ આજે તમામ ઝુંપડપટ્ટીમાં રહેતા પરિવારોને કપડાં તથા મિઠાઈનું વિતરણ કરી તેમની પણ દિવાળી સુધારી દીધી છે. આ સાથે તેમણે બુંદીઓને ચવાણાના પેકેટનું પણ વિતરણ કર્યું હતું.

આજની યુવા પેઢી પર ભલે સ્વકેન્દ્રિ હોવાના આક્ષેપો થતા હોય પરંતુ ગાંધીનગરની વિવિધ યુવા સેવાકીય સંસ્થાઓ જેવી કે ગૂંજ ફાઉન્ડેશન, આપણું ફાઉન્ડેશન, સ્કાય ગૃપ તથા હેપ્પી યુથ ક્લબના યુવાનોએ આજે સાબિત કરી દીધુ છે કે આ શહેરના યુવાનોને સમાજના દરેક વર્ગની ચિંતા છે અને તેઓ સૌના ચહેરા પર ખુશહાલીનું સ્મિત જોવા માંગે છે. ગાંધીનગરની આ સેવાકીય સંસ્થાઓના યુવાનોએ શહેરની લગભગ તમામ ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી જરૂરિયાતમંદ પરિવારોને દાનમાં એકઠાં કરેલા નવા-જૂના કપડાંનું વિતરણ કર્યુ હતુ. આ માટે યુવાનોએ છેલ્લા એક માસથી કપડાં એકત્ર કરવાનું ચાલુ કર્યુ હતુ. આ યુવાનોએ આશરે ૨ હજારથી વધુ કપડાંનું વિતરણ કર્યું હતું. કપડાં વિતરણ માટે તેમણે પાંચ ટીમો બનાવી અલગ અલગ વિસ્તારમાં રૂબરૂ જઈ વિતરણ કાર્ય હાથ ધર્યુ હતુ. કપડાં સાથે યુવાનોએ બુંદી-ચવાણાના પેકેટ્સ પણ વહેંચ્યા હતા. યુવાનોએ આ કપડાં સેક્ટર-૧૬માં વિદ્યા લાયબ્રેરી ખાતે એકત્ર કર્યા હતા અને ત્યાંથી વિતરણ કર્યાનો પ્રારંભ કર્યો હતો. આ યુવાનોની આ અનોખી સેવાકીય પ્રવૃત્તિમાં જાણીતા એડવોકેટ પ્રદિપસિંહ વાઘેલા, સાહિત્યકાર-કોલમિસ્ટ સંજય થોરાત તથા ગુજરાતી ટીવી-ફિલ્મ અભિનેતા જનક ઠક્કર પણ જોડાયા હતા જેના કારણે યુવાનોનો ઉત્સાહ બેવડાયો હતો.



## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વનવાસી વિસ્તારમાં મીઠાઈ વિતરણ

શ્રી ગજાનન સેવા સમિતિ તથા એમ.પી. ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શામળાજી વિસ્તારના છાત્રેશ્વરી ગામમાં વાઘબારસ નિમિત્તે મીઠાઈ વિતરણ તથા જરૂરિયાત વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ટ્રસ્ટ દ્વારા શામળાજીના છાત્રેશ્વરી ગામમાં ૩૨ લાભાર્થીને ૨ કિ.ગ્રા. ચોખા, ચા, ખાંડ, ૧ કિ.ગ્રા. ચોખા, ચા ખાંડ, ૧ કિ.ગ્રા. મોહનથાળ, સાબુ વગેરેનું વિતરણ વાગબારસના દિવસે કરવામાં આવ્યું હતું. તેમજ નિશાળના બાળકોને ચોપડા, કંપાસ, કલર બોક્સ આદી આપવામાં આવ્યા હતા. આ સિવાય ટ્રસ્ટ દ્વારા વાંટડા ગામની ૪૦ લાભાર્થી વૃદ્ધાને મગ, ચોખા, ૧ લીટનર તેલ, વગેરેનું વિતરણ કરાયું હતું. સુનોક માધ્યમિકોમાં બધાજ વિદ્યાર્થીઓને ચોપડા, કપડા, બોલપેન તથા મીઠાઈ વિતરણ કરવામાં આવી હતી.

# દિવાળી શુભેચ્છા મેસેજીસનો અતિરેક માથાનો દુઃખાવો બન્યો

### એક જ સંદેશો આપતા અલગ અલગ ટાઈપના બધા મેસેજ ફોરવર્ડ કરવાની વૃત્તિએ અગત્યના મેસેજીસ ચુકી જવાની ઘટનાઓ વધી : મેસેજ ફોરવડીંગની આદત બીજા માટે અગવડરૂપ બનવા લાગી

ગાંધીનગર, તા.૩૦

કોઈ પણ તહેવાર હોય, હવે દરેકને આ તહેવાર ઉજવવા કરતા પણ વધુ ઈંતેઝારી તે તહેવારને લગતા મેસેજીસ શું આવશે તેની હોય છે. સોશ્યલ મિડીયાના અતિરેકે આ હાલત સર્જી છે. એક તરફ નેટીઝન્સ સોશ્યલ મિડીયાના અવિવેકપૂર્ણ ઉપયોગ અંગે બળાપા કાઢે છે તો બીજી તરફ એજ નેટીઝન્સ પ્રાપ્ત મેસેજીસને 'ફોરવર્ડ' કરવામાં અગ્રેસર રહે છે. આ કારણે આ દિવાળીએ નાગરિકોને તેમના સ્માર્ટ ફોન પર શુભેચ્છાઓનો 'અતિરેક' થયેલો અનુભવાયો છે. આ મેસેજીસની ભરમારને કારણે વ્યકિત અગત્યના સંદેશા ચુકી જવા પામ્યા હોય તેવી પરિસ્થિતિ પણ સર્જાઈ રહી છે.

સોશ્યલ મિડીયા પર ડિઝીટલ સોફટવેરની મદદથી તૈયાર કરાયેલા મેસેજીસની ભરમાર જોવા મળે છે જેમાં લક્ષ્મીજી આર્શિવાદ આપતા હોય કે સ્ક્રીન પર જયાં ટચ કરો ત્યાં આતશબાજી થતી હોય તેવા નયનરમ્ય સંદેશા જોવા મળે છે. આ સંદેશા એટલા લુભામણા હોય છે કે નેટીઝન્સ 'રિસીવ' કર્યા પછી તેને ડાઉનલોડ કર્યા વગર નથી રહી શકતો અને ડાઉનલોડ કરીને જોયા બાદ તે અન્ય મિત્રોને કે ગૃહમાં મોકલી 'વાહ વાહ' મેળવવાની લાલચ રોકી શકતો નથી.

વળી, લગ્નના ચાંલ્લાના વહેવારની જેમ પણ હવે કોઈએ શુભેચ્છાનો મેસેજ કર્યો એટલે આપણે પણ સામે કરવો જ પડે એ નીતિએ મેસેજીસની ભરમાર વધતી જાય છે અને સરવાળે મોબાઈલની મેમરી ફુલ થતી જાય છે. અનેક નેટીઝન્સ તો માત્ર તેઓ સોશ્યલ મિડીયા પર 'એકિટવ' છે તેવો ભાસ જીવંત રાખવા પણ મેસેજને તત્કાલ ફોરવર્ડ કરવા હંમેશા ઉત્સુક હોય છે. આ કારણે હાલ એવી પરિસ્થિતિ સર્જાઈ છે કે પ્રત્યેક સ્માર્ટ ફોન ધારકના મોબાઈલમાં એક એક વ્યકિત તરફથી એવરેજ ત્રણથી ચાર વાર એક જ તહેવારની શુભેચ્છાઓ અલગ અલગ મેસેજથી મળેલી હોય છે. વળી દિવાળીએ સળંગ પાંચ દિવસ વિવિધ તહેવારોનો સમૂહ હોવાથી દરેક દિવસે અલગ અલગ જાતના ત્રણથી ચાર લેખે કુલ ૨૦ થી ૨૫ મેસેજીસની લંગાર મોબાઈલ ધારક માટે સરવાળે માથાનો દુઃખાવો સાબિત થવા પામી છે.



શ્રી ગુરુ ગોવિંદસિંહજી મહારાજના ૩૫૦મા પ્રકાશપર્વ નિમિત્તે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલીની ઉપસ્થિતિમાં રાજભવન ખાતે કીર્તન દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલી અને શ્રીમતી અવિનાશ કોહલીએ શ્રી ગુરુગ્રંથ સાહેબના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## દિવાળીમાં ફટાકડા સાવચેતીથી ફોડવા ૧૦૮ની અપીલ

દિવાળી ભારતમાં ખુબ ભવ્યતાથી ઉજવાતો ઉત્સવ છે. સાંસ્કૃતિક રીતે ખુબજ મહાત્મય ધરાવે છે. તહેવારોમાં નાગરીકો ઉજવણી માટે સમારોહ યોજે છે. નાગરીકો પોતાના વતન જાય છે. દિવાળી એ ફટાકડા વગર અધુરી છે. અને આ ફોડતી વખતે જો સામાન્ય બેદરકારી રાખવામાં આવે તો ઘણા મોટા અકસ્માત સર્જાય છે. ત્યારે ગભરાયા વગર ૧૦૮ને કોલ કરવો અને તાત્કાલિક મદદ મળી રહેશે. દિવાળી પર્વમાં સૌ નાગરીકોને સાવચેતીપૂર્વક દિવાળીમાં ફટાકડા ફોડવા ૧૦૮ દ્વારા અપીલ કરવામાં આવે છે. તેમજ ફટાકડા ફોડતી વખતે શુ શુ સાવચેતી રાખવી આવશ્યક છે જેમાં ઓછા અવાજ કરતા ફટાકડાનો ઉપયોગ કરવો, ઘરની બહાર ફટાકડા ફોડવા, બાળકો ફટાકડા ફોડતા હોય ત્યારે વડીલોએ ચોક્કસ હાજર રહેવુ. ફટાકડા ફોડતી વખતે ચંપલ પહેરવા, દાઝી જવાય તો ચોખ્ખા પાણીમાં દાઝેલા ભાગને ૨૦ મિનિટ રાખવો, આંખમાં કંઈ પણ વસ્તુ પડે તો તબિબિ સેવા લો, ઘરના છાપરા કે ધાબે આગ લાગે તેવી વસ્તુ ન મુકવી, શરીર પર કપડામાં આગ લાગે તો સુઈને આળોટવા લાગવુ, ઘરના બારી બારણા બંધ રાખવા, સહિતની આવશ્યક બાબતોનું ધ્યાન રાખવું. દિવાળી પર્વને લઈ ૧૦૮ની ટીમ સમગ્ર ગુજરાતમાં કોઈ પણ ઈમરજન્સીને લઈ પહોંચી વળવા સક્ષમ છે. તહેવારોમાં સામાન્ય દિવસ કરતા ભારે ઉછાળો જોવા મળે છે. ત્યારે કોઈપણ ઈમરજન્સીમાં ૧૦૮ને કોલ કરવા અનુરોધ કરાવે છે.

## સૌરાષ્ટ્ર વિસ્તારમાં વીરમાયા રથયાત્રાનું આયોજન

વીરમાયા સ્મારક સમિતિ, ગુજરાત વણકર સમાજની બેઠક તાજેતરમાં સરકીટ હાઉસ ગાંધીનગર ખાતે યોજાઈ હતી. જેમાં વીરમાયા સ્મારકનું કામ ઝડપી પુરુ થાય તેમજ સૌરાષ્ટ્ર વિસ્તારમાં વીરમાયા રથયાત્રાના ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં સંસ્થાના હોદેદારો હાજર રહ્યા હતા.

વીરમાયા સ્મારક સમિતિ, ગુજરાત વણકર સમાજ ગાંધીનગરની તાજેતરમાં મળેલી બેઠક મહારાજ શ્રી શંભુનાથજી, સંસ્થાના ચેરમેન ઝવેરભાઈ ચાવડા, મહામંત્રી ડી.પી. પરમાર, રતિલાલ મકવાણા, કાંતિલાલ પરમાર, અનિલભાઈ ચક્રવતી, શામળભાઈ સુતરીયા, પાનાચંદ સોલંગી ,સતિષ શાહ, કે.ડી.પરમાર, કાંતિલાલ મકવાણા સહિતના સભ્યોએ બાપુનુ ફુલહારથી સન્માન કર્યુંહતું. આ પ્રસંગે બાપુએ જણાવ્યું હતું કે માયાવંશીઓ વર્તમાન સમયમાં સંગઠીત થઈ આગળ આવે તથા સમાજના ઉત્કર્ષના પ્રયાસોને વાદવિવાદથી દુર રહી સંગઠીત થઈ સારી રીતે કામ કરવા અનુરોધ કર્યો છે. સંસ્થાના મિત્રોએ બાપુનો માર્ગદર્શન માટે આભાર વ્યકત કરીને સંસ્થામાં જોડાવા માટે અનુરોધ ક્યો છે. સર્વ સભ્યોની લાગણીને ધ્યાને લઈ શ્રી શંભુનાથજીને ગુજરાત વણકર સમાજ તથા વીરમાયા સ્મારક સમિતિના ચીફ પેટર્નની જવાબદારી સ્વીકારવા તેઓના હસ્તકની ગ્રાન્ટમાંથી સ્મારકનું કામ ઝડપી પુરુ કરવા ૨૫ લાખ ફાળવવા નમ્ર અરજ કરતા ઝવેરભાઈ ચાવડાની દરખાસ્ત અને વિનંતિનો સ્વીકાર કરી ફાળવણી થાય તે માટે તેઓએ ઘટતુ કરાશે તેવી ભાવના વ્યકત કરતા હાજર મિત્રોએ બાપુનો હદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો.

### જાહેર નિવિદા

**પ્રકૃતિ શિક્ષણ શિબિર દરમિયાન ભોજન વ્યવસ્થાની સેવાઓ પુરી પાડવાની કામગીરી ટેન્ડર, પ્રયત્ન-૨**

નાયબ વન સંરક્ષકશ્રી, વન્યજીવ તાલીમ વિભાગ, ગાંધીનગર દ્વારા વન સંશોધન સંકુલમાં પ્રકૃતિ શિક્ષણ શિબિર દરમિયાન ભોજન વ્યવસ્થાની સેવાઓ પુરી પાડવા રસ ધરાવતા ઈજારદાર આ કામગીરી માટેનું ટેન્ડર ડૉક્યુમેન્ટ તા. ૧૮/૧૧/૨૦૧૬ સુધીમાં રોકડાથી રૂ. ૧૫૦૦/- ભરી, 'નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, વન્યજીવ તાલીમ વિભાગ, વન સંશોધન સંકુલ, અક્ષરધામ પાસે, 'જ' રોડ, સેક્ટર-૩૦, ગાંધીનગર-૩૮૨૦૩૦ ટે.નં. (૦૭૯-૨૩૨૫૬૬૦૭)' ખાતેથી મેળવી શકશે. ટેન્ડર ડૉક્યુમેન્ટમાં સૂચિત બાબતો/શરતો / જોગવાઈઓ ધ્યાને લઈ રસ ધરાવતા ઈજારદાર સીલબંધ કવરમાં તારીખ ૧૯/૧૧/૨૦૧૬ સુધીમાં ફક્ત રજી.પો.એ.ડી.થી ના.વ.સં.શ્રી, વન્યજીવ તાલીમ, ગાંધીનગરને ઉપરના સરનામે મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

માહિતી/૧૯૨૨/૧૬-૧૭

નાયબ વન સંરક્ષક
વનજીવ તાલીમ વિભાગ, ગાંધીનગર

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
શિવાય
૧૨.૧૫, ૩.૩૦,
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
એ દિલ હૈ મુશ્કિલ
૧૨.૦૦, ૩.૦૦,
૬.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૩**
શિવાય
૧૦.૦૦
એ દિલ હૈ મુશ્કિલ
૧.૦૦, ૪.૦૦,
૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**
એ દિલ હૈ મુશ્કિલ
૧૧.૦૦
શિવાય
૨.૦૦, ૫.૧૫, ૮.૩૦

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ